नमो नमो निम्मलदंसणस्स
बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नमः
पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नमः

આગમ– ૩૮

# જીતકલ્પ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૩૮

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# [૩૮] જીતકલ્પ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી- ૨૦૭૬, ચૈત્ર સુદ-૬

અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી

[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- 1. www.jainelibrary.org, 2. Deepratnasagar.in

-: ટાઈપ સેટિંગ :-

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

-: પ્રિન્ટર્સ :-

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्चिय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૩૮ ‘જીતકલ્પ’

## છેદ સૂત્ર– ૫ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૦૬ | | | |
| ૨ | દશવિધ આલોચના અને વિધિ | ૦૬ | | | |
| ૩ | ઉપસંહાર | ૧૮ | | | |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્યસર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:** | 09 |
| | **1 आगमसुत्ताणिमूलं** print | [49] | | 1 આગમ વિષયાનુક્રમ મૂળ. | 02 |
| | **2 आगमसुत्ताणिमूलं** Net | [45] | | 2 **आगम विषयानुक्रम सटीकं.** | 04 |
| | **3 आगममञ्जूषा मूल प्रत.** | [53] | | 3 **आगम सूत्रगाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:** | 165 | 6 | **आगम अन्य साहित्य:** | 10 |
| | **1** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | 1 આગમ કથાનુયોગ | 06 |
| | 2 **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | 2 **आगम संबंधी साहित्य** | 02 |
| | 3 AagamSootra English Trans. | [11] | | **3 ऋषिभाषित सूत्राणि** | 01 |
| | 4 આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **4 आगमिय सूक्तावली** | 01 |
| | **5 आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | 1 **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્વાભ્યાસ સાહિત્ય | 13 |
| | 2 **आगम मूलं एवं वृत्ति 1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય | 06 |
| | 3 **आगम मूलं एवं वृत्ति 2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય | 05 |
| | 4 **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય | 04 |
| | 5 **सवृत्तिक आगमसूत्राणि**1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય | 09 |
| | 6 **सवृत्तिक आगमसूत्राणि**2 | [08] | 6 | વિધિ સાહિત્ય | 04 |
| | 7 **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:** | 16 | 8 | પરિચય સાહિત્ય | 04 |
| | 1 **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય | 02 |
| | 2 **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | 3 **आगमसागरकोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય | 05 |
| | 4 **आगमशब्दादिसंग्रह प्रासंगु.** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **5 आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

**1આગમ સાહિત્ય કુલ પુસ્તક. 518**

**2આગમેતર સાહિત્ય કુલ પુસ્તક. 085**

**દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603**

# [૩૮] જીતકલ્પ

## છેદસૂત્ર–૫– ગુજરાતી ભાવાનુવાદ

**ભૂમિકા:**

વર્તમાન કાલે સ્વીકૃત છ છેદ સૂત્રોમાનું આ એક છેદસૂત્ર છે. પૂર્વે પંચકલ્પ નામે સૂત્ર હતું, પરંતુ તેનો વિચ્છેદ થતા તેને સ્થાને આ જીતકલ્પ સૂત્રની સ્થાપના થયેલી છે. જો કે હાલ પણ પાંચકલ્પ સૂત્રનું ભાષ્ય અને ચૂર્ણિ મળે જ છે. એ જ રીતે જીતકલ્પ સૂત્ર ઉપર પણ ભાષ્ય અને ચૂર્ણિ ઉપલબ્ધ જ છે. અમારા સટીક આગમ પ્રકાશનમાં અમે જીતકલ્પ ભાષ્ય છપાવેલ જ છે.

આ અનુવાદમાં અમે જીતકલ્પની ચૂર્ણિનો આધાર લીધેલ છે. અમે ક્યાંક મૂળસૂત્રનો અનુવાદ તો ક્યાંક ચૂર્ણિનો સાર જ આ અનુવાદમાં મૂકેલ છે. પ્રાશ્ચીત્તના અધિકારને જણાવતી કુલ ૧૦૩ ગાથાઓ આ સૂત્રમાં આવેલ છે. અહી આ ગાથાઓનો અક્ષરશ: અનુવાદ નથી લીધો પણ ગાથાર્થ અને ચૂર્ણિના સારને સંકલિત કર્યો છે.

[૧]. પ્રવચનશાસ્ત્રને પ્રણામ કરીને હું સંક્ષેપથી પ્રાયશ્ચિત્ત દાન કહીશ. આગમ, સૂત્ર, આજ્ઞા, ધારણા અને જીત એ પ્રમાણે પાંચ વ્યવહારો કહેવાયેલા છે, તેમાં. જીત અર્થાત્ પરંપરાથી કોઈ આચરણા ચાલતી હોય, મોટા પુરુષે ગીતાર્થે 'દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોઈને નિર્ણીત કરેલ હોય તેવા વ્યવહારને જીત વ્યવહાર.'

તેમાં પ્રવેશેલા ઉપયોગ લક્ષણવાળા. જીતની પરમવિશુદ્ધિ થાય છે. જેમ મલિન વસ્ત્રની ક્ષાર આદિથી વિશુદ્ધિ થાય છે, તેમ કર્મમલ યુક્ત જીવને જીત વ્યવહાર મુજબના પ્રાયશ્ચિત્તના દાનથી વિશુદ્ધિ થાય છે.

[૨]. તપનું મુખ્ય કારણ પ્રાયશ્ચિત્ત છે.
વળી તપ એ સંવર અને નિર્જરાનું કારણ પણ છે.
આ સંવર અને નિર્જરા મોક્ષના કારણભૂત છે. અર્થાત્ પ્રાયશ્ચિત્ત થકી વિશુદ્ધિ માટે બાર પ્રકારે તપ કહેલ છે.
આ તપ થકી આવતા કર્મો અટકે છે અને સંચિત કર્મોનો ક્ષય થાય છે, જેના પરિણામે મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે.

[૩]. સામાયિકથી બિંદુસાર પર્યન્તના જ્ઞાનની વિશુદ્ધિ વડે ચારિત્રની વિશુદ્ધિ થાય છે.
ચારિત્રની વિશુદ્ધિ વડે નિર્વાણની પ્રાપ્તિ થાય છે.
પરંતુ ચારિત્રની વિશુદ્ધિ વડે નિર્વાણના અર્થીઓએ પ્રાયશ્ચિત્તને અવશ્ય જાણવું જોઈએ.
કેમ કે પ્રાયશ્ચિત્ત વડે જ ચારિત્રની વિશુદ્ધિ થાય છે.

[૪]. તે પ્રાયશ્ચિત્ત દશ પ્રકારે છે.
૧. આલોચના, ૨. પ્રતિક્રમણ, ૩. તદુભય, ૪. વિવેક, ૫. વ્યુત્સર્ગ,
૬. તપ, ૭. છેદ, ૮. મૂલ, ૯. અનવસ્થાપ્ય, ૧૦. પારંચિત.

[૫]. અવશ્યકરણીય એવી સંયમક્રિયા રૂપ યોગ કે જેનો હવે પછીની ગાથાઓમાં નિર્દેશ કરેલ છે.. તેમાં પ્રવર્તેલા અદુષ્ટ ભાવવાળા છદ્મસ્થની વિશુદ્ધિ કે કર્મબંધ નિવૃત્તિ માટેનો અપ્રમત્તભાવ તે આલોચના.

*** હવે ગાથા ૬ થી ૮ દ્વારા આલોચના પ્રાયશ્ચિત્ત કહે છે.

આલોચના પ્રાયશ્ચિત્ત

[૬, ૭]. આહાર આદિના ગ્રહણ માટે જે બહાર જવું અથવા ઉચ્ચાર ભૂમિ મળ, મૂત્ર ત્યાગભૂમિ. કે વિહાર ભૂમિ સ્વાધ્યાય આદિ ભૂમિ. એ બહાર જવું.

ચૈત્ય અથવા ગુરુવંદનાર્થે જવું.

ઈત્યાદિ કાર્યોમાં યથાવિધિ પાલન કરવું.

આ સર્વે કાર્યો કે અન્ય કાર્યો માટે સો ડગલા કરતા બહાર જવાનું બને તો આલોચના કહે.

જો આલોચના ન કરે તો તે અશુદ્ધ કે અતિચારયુક્ત ગણાય અને આલોચના કરતા શુદ્ધ કે નિરતિચાર બને છે

[૮] સ્વગણ કે પરગણ અર્થાત્ સમાન સામાચારીવાળા સાથે કે અસમાન સામાચારીવાળા સાથે કારણે બહાર નિર્ગમન થાય તો આલોચનાથી શુદ્ધ થાય.

જો સમાન સામાચારીવાળા કે અન્ય સાથે ઉપસંપદાપૂર્વક વિહાર કરે ત્યારે નિરતિચાર હોય તો પણ, ગીતાર્થ આચાર્ય મળે ત્યારે. આલોચના કરવાથી જ તેની શુદ્ધિ થાય છે, તેમ જાણ..

*** હવે ગાથા ૯ થી ૧૨માં પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત કહે છે

**પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત**

[૯ થી ૧૨]. ચારે ગાથાનો સંયુક્ત અર્થ રજૂ કરીએ છીએ.

ત્રણ પ્રકારની ગુપ્તિ કે પાંચ પ્રકારની સમિતિ વિશે પ્રમાદ કરવો.

ગુરુની કોઈ રીતે આશાતના કરવી.

વિનયનો ભંગ કરવો.

ઈચ્છાકારાદિ દશ સામાચારીનું પાલન ન કરવું.

અલ્પ પણ મૃષાવાદ, ચોરી કે મમત્વ હોવું.

અવિધિએ અર્થાત્ મુહપત્તિ રાખ્યા વિના છીંક ખાવી, તેમજ વાયુનું ઉર્ધ્વગમન કરવું.

સામાન્યથી છેદન, ભેદન, પીલણ આદિ અસંક્લિષ્ટ કર્મોનું સેવન કરવું.

હાસ્ય કે કુચેષ્ટા કરવી.

વિકથા કરવી.

ક્રોધાદિ ચાર કષાયો સેવવા.

શબ્દાદિ પાંચે વિષયોનું સેવન કરવું.

દર્શન, જ્ઞાન, ચારિત્ર કે તપ આદિમાં સ્ખલના થવી.

જયણાયુક્ત થઈને હિંસા ન કરતો હોવા છતાં સહસાકાર કે અનુપ્રયોગદશાથી અતિચાર સેવે તો મિથ્યાદુષ્કૃત રૂપ પ્રતિક્રમણથી શુદ્ધ થાય.

જો તપયોગ કે સાવધાનીપૂર્વક પણ અલ્પ માત્ર સ્નેહ સંબંધ, ભય, શોક, શરીરાદિનું ધોવું વગેરે તથા કુચેષ્ટા, હાસ્ય, વિકથાદિને માટે પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત જાણવું અર્થાત્ આ સર્વે દોષોના સેવનમાં સાધુને પ્રતિક્રમણ યોગ્ય પ્રાયશ્ચિત્ત આવે.

## હવે ગાથા ૧૩ થી ૧૫માં તદુભય પ્રાયશ્ચિત્ત કહે છે

**તદુભય પ્રાયશ્ચિત્ત**

[૧૩ થી ૧૫]. ત્રણે ગાથાનો સંયુક્ત અર્થ જણાવે છે
સંભ્રમ, ભય, દુઃખ, આપત્તિને લીધે.
સહસા કે અસાવધાનીને લીધે.
અથવા પરાધીનતાથી.
વ્રત સંબંધી જે કંઈ અતિચારનું સેવન કરે તો,
તદુભય અર્થાત્ આલોચના અને પ્રતિક્રમણ એ બંને પ્રાયશ્ચિત્ત સાધુને આવે.
દુષ્ટ ચિંતવન, દુષ્ટ ભ્રમણ, દુષ્ટ ચેષ્ટિત.
અર્થાત્ મનથી, વચનથી કે કાયાથી
સંયમ વિરોધી પ્રવૃત્તિનું વારંવાર પ્રવર્તન. તે ઉપયોગ પરિણત સાધુ પણ બધાને દૈવસિક આદિ અતિચાર રૂપે ન જાણે તો તેમ જ... સર્વે પણ ...

ઉત્સર્ગ અને અપવાદથી દર્શન, જ્ઞાન, ચારિત્રનો જે અતિચાર, તેના કારણે અથવા સહસા સેવન થયું હોય તો તદુભય પ્રાયશ્ચિત્ત આવે.

## હવે ગાથા ૧૬, ૧૭ વિવેક યોગ્ય પ્રાયશ્ચિત્ત કહે છે

**વિવેક પ્રાયશ્ચિત્ત**

[૧૬, ૧૭]. બંને ગાથાનો સંયુક્ત અર્થ કહે છે
અશન આદિરૂપ પીંડ, ઉપધિ, શય્યા વગેરેને,
ગીતાર્થ સૂત્રાનુસાર ઉપયોગથી ગ્રહણ કરે તેને જો આ અશુદ્ધ નથી એમ જાણે તો ઉપયોગમાં લે.
જો અશુદ્ધ જાણે તો વિધિપૂર્વક પરઠવે.
કાળથીઅશઠપણે પહેલી પોરીસીએ લાવીને ચોથી પોરીસી સુધી રાખે તો અશુદ્ધ.
ક્ષેત્રથી અડધા યોજન દૂરથી લાવેલું રાખે તે અશુદ્ધ.
સૂર્ય ઊગ્યા પહેલાં કે આથમ્યા પછી ગ્રહણ કરે અર્થાત્ ગ્રહણ કર્યા પછી સૂર્ય નથી ઊગ્યો કે આથમ્યો છે જો તે જાણે તો....
ગ્લાન, બાળ આદિના કારણે અશનાદિ ગ્રહણ કર્યા હોય.
આવા આવા કારણોથી વિવેક યોગ્ય પ્રાયશ્ચિત્ત આવે, તેમાં વિધિપૂર્વક પરઠવે..

## હવે ગાથા ૧૮ થી ૨૨માં કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત કહે છે

**કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત**

[૧૮]. ગમન, આગમન, વિહારને કારણે,
સૂત્રના ઉદ્દેશા, સમુદ્દેશ, અનુજ્ઞાદિ
સાવદ્ય કે નિરવદ્ય સ્વપ્નાદિ
નાવ વડે નદી આદિ જળમાર્ગ પાર કરે.

એ બધામાં કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત આવે.

[૧૯]. ભોજનમાં, પાનમાં, શયનમાં, આસનમાં,

ચૈત્યમાં કે શ્રમણ વસતીમાં

મળમૂત્રાદિ ગમન પરઠવવામાં.

પચ્ચીસ શ્વાસોચ્છ્વાસ રૂપ હાલ જેને એક લોગસ્સ અર્થાત્ ઈરિયાવહી કહે છે તે. કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત આવે.

[૨૦] સો હાથ પ્રમાણે અથવા સો ડગલા ભૂમિ વસતીની બહાર જો ગમનાગમન કરે તો

પચ્ચીસ શ્વાસોચ્છ્વાસ પ્રાયશ્ચિત્ત,

પ્રાણાતિપાત હિંસાનું સ્વપ્ન આવે તો સો શ્વાસોચ્છ્વાસ પ્રમાણ પ્રાયશ્ચિત્ત આવે.

મૈથુન સ્વપ્નમાં ૧૦૮ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત દોષ સેવનારને આવે.

[૨૧]. અહીં દિવસથી સંવત્સર સુધીનું પ્રાયશ્ચિત્ત કહે છે

દિવસ સંબંધી પ્રતિક્રમણમાં પહેલાં ૫૦ અને પછી ૨૫-૨૫ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત.

રાત્રિના પ્રતિક્રમણમાં ૨૫-૨૫ શ્વાસોચ્છ્વાસ પ્રમાણે કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત.

ચૌમાસી પ્રતિક્રમણમાં ૫૦૦ શ્વાસોચ્છ્વાસ પ્રમાણનું કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત.

સંવત્સરી પ્રતિક્રમણમાં ૧૦૦૮ શ્વાસોચ્છ્વાસ પ્રમાણનું કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત.

અર્થાત્ દૈવસિકમાં લોગસ્સ બે-એક-એક. રાત્રિમાં લોગસ્સ એક-એક. પક્ખિમાં ૧૨લોગસ્સ, ચૌમાસીમાં ૨૦ લોગસ્સ, સંવત્સરીમાં ૪૦ લોગસ્સ ઉપર ૧નવકાર.

[૨૨]. સૂત્રના ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞામાં ૨૭ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત.

સૂત્ર પઠ્ઠવણ સજ્ઝાય પરઠવતા. આઠ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ અર્થાત્ એક નવકાર કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત.

### હવે ગાથા ૨૩ થી ૭૩માં તપ પ્રાયશ્ચિત્ત કહે છે

**તપ પ્રાયશ્ચિત્ત**

[૨૩ થી ૨૫]. ત્રણ ગાથાનો સંયુક્ત અર્થ કહે છે

**જ્ઞાનાચાર સંબંધી અતિચાર** ઓઘથી અને વિભાગથી.

વિભાગથી ઉદ્દેશક, અધ્યયન, શ્રુતસ્કંધ, અંગ એ રીતે પરિપાટી ક્રમ છે તે સંબંધે

કાળનું અતિક્રમણ આદિ આઠ અતિચાર છે.

કાળ, વિનય, બહુમાન, ઉપધાન, અનિણ્હવણ, વ્યંજન, અર્થ અને તદુભય એ આઠ આચારમાં જે અતિક્રમણ તે જ્ઞાનાચાર સંબંધી અતિચાર છે.

તેમાં **અનાગાઢ કારણે** ઉદ્દેશક અતિચાર માટે નિવિ, અધ્યયન અતિચારમાં પુરિમઢ્ઢ, શ્રુતસ્કંધ અતિચાર માટે એકાસણું, અંગ સંબંધી અતિચાર માટે આયંબિલ.

એ પ્રમાણે તપ પ્રાયશ્ચિત્ત આવે.

**આગાઢ કારણ** હોય તો

આ જ દોષ માટે પુરિમઢ્ઢ થી અઠ્ઠમ સુધીનું પ્રાયશ્ચિત્ત.

એ વિભાગ પ્રાયશ્ચિત્ત કહ્યું.

ઓઘથી કોઈપણ સૂત્ર માટે ઉપવાસ તપ પ્રાયશ્ચિત્ત.

અર્થથી અપ્રાપ્ત કે અયોગ્યને વાચના આદિ દેવામાં પણ ઉપવાસ તપ પ્રાયશ્ચિત્ત આવે.

૨૬. કાળઅનુયોગનું પ્રતિક્રમણ ન કરે,

સૂત્ર, અર્થ કે ભોજન ભૂમિનું પ્રમાર્જન ન કરે,

વિગઈનો ત્યાગ ન કરે,

સૂત્ર, અર્થ, નિષદ્યા ન કરે.

તો ઉક્ત બધામાં એક ઉપવાસ તપ પ્રાયશ્ચિત્ત.

[૨૭]. જોગ બે પ્રકારે આગાઢ અને અનાગાઢ. એ બંનેના પણ બબ્બે ભેદ છે. સર્વથી અને દેશથી.

સર્વથી એટલે આયંબિલ અને દેશથી તે કાઉસ્સગ્ગ કરીને વિગઈ ગ્રહણ કરવી તે.

જો આગાઢ જોગમાં આયંબિલ ભાંગે તો બે ઉપવાસ અને દેશથી ભંગમાં એક ઉપવાસ તપ.

અનાગાઢ જોગમાં સર્વ ભંગે બે ઉપવાસ અને દેશથી ભાંગે તો આયંબિલ તપ પ્રાયશ્ચિત્ત.

[૨૮]. શંકા, કાંક્ષા, વિતિગિચ્છા, મૂઢ દૃષ્ટિ, અનુપબૃંહણા, અસ્થિરિકરણ, અવાત્સલ્ય, અપ્રભાવના. આ આઠ **દર્શનાચારના અતિચારો**નું દેશથી સેવન કરનારને એક ઉપવાસ તપ પ્રાયશ્ચિત્ત.

મિથ્યાત્વની વૃદ્ધિ માટે એક ઉપવાસ, ઓઘ પ્રાયશ્ચિત્ત. શંકા આદિ આઠે વિભાગને દેશથી સેવનાર સાધુને પુરિમઙ્ઢ, રત્નાધિકને એકાસણુ, ઉપાધ્યાયને આયંબિલ અને આચાર્યને ઉપવાસ તપ પ્રાયશ્ચિત્ત જાણવું.

[૨૯,૩૦]. એ પ્રમાણે ઉપબૃંહણા પ્રત્યેક સાધુને સંયમની વૃદ્ધિપુષ્ટિ આદિ ન કરનારાને પુરિમઙ્ઢ આદિ ઉપવાસ પર્યન્ત પ્રાયશ્ચિત્ત તપ આવે.

તેમજ પરિવારની સહાય નિમિત્તે,

પાસત્થા, કુશીલ આદિનું મમત્વ કરનારને

શ્રાવક આદિની પરિપાલના કરનાર કે સ્નેહ રાખનારને નિવિ, પુરિમઙ્ઢ આદિ પ્રાયશ્ચિત્ત તપ આવે.

અહીં આ સાધર્મિકને સંયમી કરવો કે કુલસંઘગણ આદિની ચિંતા કે તૃપ્તિ કરે એવી બુદ્ધિએ સર્વ રીતે નિર્દોષપણે મમત્વ આદિ આલંબન હોવું જોઈએ.

[૩૧]. એકેન્દ્રિય જીવોને સંઘટ્ટન કરતા નીવિ તપ.

આ જીવોને પરિતાપ ઉપજાવવો કે ગાઢતર સંચાલન થકી ઉપદ્રવ કરવો તે અનાગાઢ–આગાઢ બે ભેદે,

અનાગાઢ કારણે આમ કરે તો પુરિમઙ્ઢ

આગાઢ કારણે કરે તો એકાસણુ તપ પ્રાયશ્ચિત્ત.

[૩૨]. અનંતકાય વનસ્પતિ અને બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય જીવોને સંઘટ્ટન પરિતાપ કે ઉપદ્રવ કરે

તો પુરિમઙ્ઢથી ઉપવાસ પર્યન્ત તપ પંચેન્દ્રિયનું સંઘટ્ટન કરતા એકાસણું, અણાગાઢ પરિતાપથી આયંબિલ, આગાઢ પરિતાપથી ઉપવાસ.

ઉપદ્રવ કરે તો એક કલ્યાણક તપ પ્રાયશ્ચિત્ત આવે.

[૩૩]. મૃષાવાદ, અદત્ત અને પરિગ્રહ

આ ત્રણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવથી સેવતા જઘન્યથી એકાસણું, મધ્યમથી આયંબિલ અને આગાઢ પરિતાપથી ઉપવાસ.

ઉપદ્રવ કરે તો એક કલ્યાણક તપ પ્રાયશ્ચિત્ત આવે.

[૩૪]. વસ્ત્ર, પાત્ર, પાત્ર બંધાદિ ખરડેલા રહે.
તેલ, ઘી, આદિના લેપવાળા રહે તો એક ઉપવાસ.
સૂંઠ, હરડે, ઔષધાદિની સંનિધિથી એક ઉપવાસ.
ગોળ, ઘી, તેલ આદિની સંનિધિએ છઠ્ઠ
બાકીની સંનિધિએ ત્રણ ઉપવાસ તપ પ્રાયશ્ચિત્ત.

[૩૫ થી ૪૩]. આ નવ ગાથાનો અનુવાદ **મૂળ સૂત્રને બદલે અમે જીતકલ્પ ચૂર્ણિને** આધારે કરેલ છે
ઔદ્દેશિકના બે ભેદ- ઓઘથી અને વિભાગથી.
સામાન્યથી પરિમિત ભિક્ષાદાનરૂપ દોષમાં પુરિમઢ્ઢ અને વિભાગથી ત્રણ ભેદ છે- ઉદ્દેશ, કૃત અને કર્મ.
ઉદ્દેશો માટે- પુરિમઢ્ઢ, કૃત દોષ માટે- એકાસણું અને કર્મ દોષ માટે- આયંબિલ તથા ઉપવાસ તપ પ્રાયશ્ચિત્ત.
પૂતિ દોષના બે ભેદ સૂક્ષ્મ અને બાદર.
તેમાં સૂક્ષ્મ દોષ- ધૂમ, અંગાર આદિ અને બાદર દોષઉપકરણ તથા ભોજન, પાન આદિ.
જેમાં ઉપકરણ પૂર્તિ દોષ માટે પુરિમઢ્ઢ અને ભોજન પાન પૂતિ દોષ માટે એકાસણું તપ પ્રાયશ્ચિત્ત આવે.
મિશ્ર જાત દોષ બે રીતે- જાવંતીય અને પાખંડ.
જાવંતીય મિશ્રજાત માટે આયંબિલ અને પાખંડ મિશ્રદોષ માટે ઉપવાસ તપ પ્રાયશ્ચિત્ત આવે.
સ્થાપના દોષ બે રીતે અલ્પકાલીન, દીર્ઘકાલીન.
અલ્પકાલીન માટે નીવિ, દીર્ઘકાલીન માટે પુરિમઢ્ઢ.
પ્રાભૃતિક દોષ બે રીતે- સૂક્ષ્મ અને બાદર. સૂક્ષ્મ માટે નીવિ અને બાદર માટે ઉપવાસ તપ પ્રાયશ્ચિત્ત.
પ્રકૃષ્ટકરણ દોષ બે પ્રકારે- અપ્રકટ અને પ્રકટ. અપ્રકટ હોય તો પુરિમઢ્ઢ અને પ્રકટ હોય તો આયંબિલ.
ક્રીતદોષ માટે આયંબિલ.
પ્રામીત્ય અને પરિવર્તીત દોષ બે પ્રકારે- લૌકીક અને લોકોત્તર.
લૌકીકમાં આયંબિલ, લોકોત્તરમાં પુરિમઢ્ઢ.
આહૃત દોષ બે ભેદે- સ્વગામથી અને પરગામથી.
જો સ્વગામથી હોય તો પુરિમઢ્ઢ અને પરગામથી હોય તો આયંબિલ.
ઉદ્‌ભિન્ન દોષ બે ભેદે- દાદરો, બંધ કમાડ. દાદરો હોય તો પુરિમઢ્ઢ, બંધ કમાડ ઉઘડે તો આયંબિલ.
માલોપહૃત બે ભેદે- જઘન્યથી, ઉત્કૃષ્ટથી. જઘન્યથી પુરિમઢ્ઢ અને ઉત્કૃષ્ટથી આયંબિલ.
આચ્છેદ્ય અને અતિસૃષ્ટ દોષ માટે આયંબિલ.
અધ્યવપૂરક દોષ ત્રણ પ્રકારે- જાવંતિય, પાખંડમિશ્ર અને સાધુમિશ્ર. જાવંતિયમાં પુરિમઢ્ઢ, બાકી બેમાં એકાસણું.
ધાત્રી, દૂતિ, નિમિત્ત, આજીવ, વણીમગ એ પાંચે દોષો માટે આયંબિલ તપ પ્રાયશ્ચિત્ત.
તિગીચ્છા દોષ બે ભેદે- સૂક્ષ્મ અને બાદર. સૂક્ષ્મમાં પુરિમઢ્ઢ અને બાદર હોય તો આયંબિલ તપ.
ક્રોધ અને માન દોષમાં આયંબિલ, માયા દોષમાં એકાસણું, લોભ દોષ માટે ઉપવાસ.
સંસ્તવ દોષ બે પ્રકારે- વચન સંસ્તવ, સંબંધી સંસ્તવ. વચન સંસ્તવમાં પુરિમઢ્ઢ, સંબંધી સંસ્તવમાં આયંબિલ.

વિદ્યા, મંત્ર, ચૂર્ણ, યોગ એ બધા દોષોમાં આયંબિલ તપ પ્રાયશ્ચિત્ત આવે.

શંકિત દોષમાં જે દોષની શંકા હોય તે પ્રાયશ્ચિત્ત.

સચિત્ત સંસર્ગ દોષ ત્રણ પ્રકારે ૧. પૃથ્વીકાય સંસેર્ગ નીવિ, મિશ્રકર્દમમાં પુરિમડ્ઢ, નિર્મિશ્ર કર્દમમાં આયંબિલ.
૨. જળ મિશ્રિતમાં નીવિ.
૩. વનસ્પતિ મિશ્રિતમાં પ્રત્યેક મિશ્રિત હોય તો પુરિમડ્ઢ, અનંતકાય મિશ્રિત હોય તો એકાસણું.

પિહિત દોષમાં અનંતર વિહિત હોય તો આયંબિલ, પરંપર વિહિત હોય તો એકાસણું.

સાહરિત દોષમાં નીવિથી ઉપવાસ પર્યન્ત.

દાયાર, ચાચાક દોષમાં આયંબિલ, ઉપવાસ.

સંસક્ત દોષમાં આયંબિલ, ઓચતંતિય આદિમાં આયંબિલ, કન્મિશ્ર દોષમાં નીવિથી ઉપવાસ પર્યન્ત તપ.

અપરિણત દોષ બે પ્રકારે– પૃથ્વી આદિ પાંચ સ્થાવરમાં આયંબિલ. પણ જો અનંતકાય વનસ્પતિ હોય તો ઉપવાસ.

છર્દિત દોષ લાગે તો આયંબિલ તપ પ્રાયશ્ચિત્ત.

સંયોજના દોષ લાગે તો આયંબિલ, ઇંગાલ દોષમાં ઉપવાસ, ધૂમ, અકારણ ભોજન, પ્રમાણ અતિરિક્તમાં આયંબિલ.

[૪૪]. સહસા અને અનાભોગથી જે જે કારણે પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત કહ્યું છે, તેતે કારણોનું આભોગ અર્થાત્ જાણતા સેવન કરે તો અને તે પણ વારંવાર અને અતિ પ્રમાણમાં કરે તો બધે જ નીવિ તપ પ્રાયશ્ચિત્ત જાણવું.

[૪૫]. દોડવું, ઓળંગવું, શીઘ્રગતિએ જવું, ક્રીડા કરવી, ઇંદ્રજાલ રચવી, છેતરવું, ઊંચા સ્વરે બોલવું, ગીત ગાવું, જોરથી છીંકવું, મોરપોપટ જેવા અવાજો કરવા. એ સર્વેમાં ઉપવાસ તપ પ્રાયશ્ચિત્ત.

[૪૬, ૪૭]. ઉપધિ ત્રણ પ્રકારે કહી છે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ તે...

૧. પડી જાય અને પાછી મળે અને, ૨. પડિલેહણ કરવાનું રહી જાય તો જઘન્ય ઉપધિ–મુહપત્તિ, પાત્ર કેસરિકા, ગુચ્છા, પાત્ર સ્થાચનક એ ચાર માટે નીવિ તપ.

મધ્યમ ઉપધિ પલ્લા, પાત્રબંધ, ચોલપટ્ટક, માત્રક, રજોહરણ અને રજસ્રાણ એ છ માટે પુરિમડ્ઢ તપ.

ઉત્કૃષ્ટ ઉપધિ પાત્ર, ત્રણ વસ્ત્ર. એ ચારમાં એકાસણું તપ. પ્રાયશ્ચિત્ત વિસરાઈ જાય તો આયંબિલ તપ.

કોઈ હરી જાય, ખોવાઈ જાય કે ધોવે તો જઘન્ય ઉપધિ એકાસણું, મધ્યમ ઉપધિ આયંબિલ ઉત્કૃષ્ટમાં ઉપવાસ.

આચાર્યાદિને નિવેદન કર્યા સિવાય લે, અણદીધેલું લે, ભોગવે કે બીજાને આપે તો જઘન્ય ઉપધિ માટે એકાસણું યાવત્ ઉત્કૃષ્ટ માટે ઉપવાસ તપ પ્રાયશ્ચિત્ત આવે.

[૪૮]. મુહપત્તિ સડે તો નીવિ, રજોહરણ ફાડે તો ઉપવાસ, નાશ કે વિનાશ કરે તો મુહપત્તિ માટે ઉપવાસ અને રજોહરણ માટે છઠ્ઠ તપ પ્રાયશ્ચિત્ત આવે.

[૪૯]. ભોજનમાં કાળ અને ક્ષેત્રનું અતિક્રમણ કરે તો નીવિનું તપ પ્રાયશ્ચિત્ત.

અતિક્રમિત ભોજન ભોગવે તો ઉપવાસ.

અવિધિએ પરઠવે તો પુરિમડ્ઢ તપ પ્રાયશ્ચિત્ત.

[૫૦, ૫૧]. ભોજન અને પાણી ન ઢાંકે તથા મળમૂત્રની કાળભૂમિનું પડિલેહણ ન કરે તો નીવિ.

નવકારશી, પોરીસી આદિ પચ્ચક્ખાણ ન કરે કે લઈને ભાંગે તો પુરિમઢ્ઢ તપ પ્રાયશ્ચિત્ત આ સામાન્યથી કહ્યું.

પ્રતિમા, અભિગ્રહ લે નહીં કે લઈને ભાંગે તો પણ પુરિમઢ્ઢ તપ પ્રાયશ્ચિત્ત આવે.

આયંબિલ કે ઉપવાસ તપ પકિળએ શક્તિ અનુસાર ન કરે તો નાના સાધુને નીવિ, સ્થવિરને પુરિમઢ્ઢ, સાધુને એકાસણું, ઉપાધ્યાયને આયંબિલ, આચાર્યને ઉપવાસ.

ચોમાસી હોય તો નાના સાધુથી માંડીને આચાર્યને ક્રમશઃ પુરિમઢ્ઢથી છઠ્ઠ પ્રાયશ્ચિત્ત.

સંવત્સરી એ ક્રમશઃ એકાસણાથી લઈને અઠ્ઠમ તપ સુધીને પ્રાયશ્ચિત્ત તેઓને આવે.

[૫૨]. નિદ્રા અથવા પ્રમાદથી કાયોત્સર્ગ ન પારે,

અથવા ગુરુની પહેલાં કાયોત્સર્ગ પારી લે,

કાયોત્સર્ગનો ભંગ કરે કે ઝડપથી કરે.

એ જ પ્રમાણે વંદનમાં કરે, તો અનુક્રમે નીવિ, પુરિમઢ્ઢ અને એકાસણું તપ આવે.

અને બધાં જ દોષ માટે આયંબિલ તપ પ્રાયશ્ચિત્ત.

[૫૩]. એકાદ આવશ્યક ન કરે તો પુરિમઢ્ઢ, એકાસણું આયંબિલ તપ પ્રાયશ્ચિત્ત આવે.

બધા આવશ્યક ન કરે તો ઉપવાસ તપ.

પૂર્વે અપ્રેક્ષિત ભૂમિમાં રાત્રે સ્થંડિલ વોસીરાવે અર્થાત્ મળત્યાગ કરે કે દિવસે સૂવે તો ઉપવાસ તપ પ્રાયશ્ચિત્ત.

[૫૪]. ઘણા દિવસ ક્રોધ રાખે,

કંકોલ નામે ફળ, લવિંગ, જાયફળ, લસુણ આદિના મોલ વગેરેનો સંગ્રહ કરે તો પુરિમઢ્ઢ.

[૫૫]. છિદ્ર રહિત કે કુણા સંથારાને કારણ વિના ભોગવે તો નીવિ નામ તપનું પ્રાયશ્ચિત્ત આવે.

અન્ય ઘાસને ભોગવતા કે અપ્રતિલેખિત ઘાસ ઉપર શયન કરતા પુરિમઢ્ઢ તપ પ્રાયશ્ચિત્ત.

[૫૬]. આચાર્યની આજ્ઞા વિના સ્થાપના કુળોમાં ભોજનને માટે પ્રવેશ કરે તો એકાસણું,

પરાક્રમને ગોપવે તો એકાસણું.

એ પ્રમાણે ઉક્ત બંનેને દોષોમાં જીત વ્યવહાર છે.

સૂત્રના વ્યવહાર મુજબ માયારહિત હોય તો એકાસણું, અને માયા રહિત કરે તો ઉપવાસ પ્રાયશ્ચિત્ત.

[૫૭]. દોડવા–કૂદવામાં પંચેન્દ્રિયનો વધ સંભવે છે.

અંગાદાન, શુક્ર નિષ્ક્રમણ આદિ સંક્લિષ્ટ કર્મમાં તો ઘણા અતિચારે લાગે છે.

આધાકર્માદિ સેવન કરે.

એ બધામાં પંચકલ્યાણક તપ પ્રાયશ્ચિત્ત આવે.

[૫૮]. સર્વ ઉપધિ આદિને ધારણ કરતા પ્રથમ પોરીસીના અંત ભાગે અર્થાત્ પાદોનપોરીસી સમયે

અથવા પ્રથમ અને અંતિમ અવસરમાં પડિલેહણ ન કરે.

ચોમાસી કે સંવત્સરીએ શોધન કરે તો પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત તપ આવે.

[૫૯]. જે છેદ પ્રાયશ્ચિત્તની શ્રદ્ધા કરતો નથી.

પોતાનો પર્યાય છેદાયો કે ન છેદાયો તે જાણતો નથી.

અભિમાનથી પર્યાયનો ગર્વ કરે છે.

તેને છેદ પ્રાયશ્ચિત્ત આવે. ગણાધિપતિ માટેનો જીત વ્યવહાર આ પ્રમાણેનો છે કે ગણાધિપતિને છેદ પ્રાયશ્ચિત્ત આવતું હોય તો પણ તપ યોગ્ય પ્રાયશ્ચિત્ત આપવું.

[૬૦]. આ જીત વ્યવહારમાં જે–જે પ્રાયશ્ચિત્ત કહ્યા નથી, તે પ્રાયશ્ચિત્ત સ્થાનને વર્તમાનમાં સંક્ષેપથી હું કહું છું, જે નિશીથ, વ્યવહાર અને બૃહત્કલ્પમાં જણાવેલા છે. તે તપથી છ માસ પર્યન્તના જાણવા.

[૬૧]. ભિન્ન શબ્દથી પચીશ દિવસ ગ્રહણ કરવા. અહીં અવશિષ્ટ શબ્દથી સર્વ ભેદો ગ્રહણ કરવા.

ભિન્ન અને અવશિષ્ટ એવા જે–જે અપરાધ સૂત્રો વ્યવહારમાં કહ્યા, તે સર્વે માટે જિત વ્યવહાર મુજબ નીવિ તપ. તેમાં વિશેષથી એટલે કે,

લઘુમાસે પુરિમઙ્ઢ આવે.

લઘુચોમાસે આયંબિલ.

લઘુ છ માસે છઙ્ઢ.

ગુરુમાસે એકાસણું આવે.

ગુરુચોમાસે ઉપવાસ.

ગુરુ છ માસે અઙ્ઢમ.

એ પ્રમાણે તપ પ્રાયશ્ચિત્ત આપવું.

[૬૨]. આ સર્વ પ્રકારે સર્વ તપના સ્થાને યથાક્રમે સિદ્ધાંતમાં જે–જે તપ કહ્યા છે, ત્યાં–ત્યાં
જીત વ્યવહાર મુજબ નીવિથી અઙ્ઢમ સુધીનો તપ કહેવો.

[૬૩]. આ પ્રમાણે જે પ્રાયશ્ચિત્ત તપ કહેવાયો. તે માટે હવે વિશેષથી કહે છે કે
સર્વે પ્રાયશ્ચિત્ત સામાન્ય અને વિશેષથી નિર્દેશેલ છે.

તે દાન વિભાગથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પુરુષથી પડિસેવી વિશેષથી જાણવું, અર્થાત્ દ્રવ્યાદિને જાણીને તે પ્રમાણે આપવું.

ઓછું કે વધુ કે સાધારણ એમ શક્તિ વિશેષ જોઈને આપવું.

[૬૪ થી ૬૭]. દ્રવ્યથી જેનો જે આહારાદિ હોય, જે દેશમાં તે વધુ હોય, સુલભ હોય તે જાણીને જીત વ્યવહાર મુજબનું પ્રાયશ્ચિત્ત દેવું.

જ્યાં આહાર આદિ ઓછા હોય અથવા આહારાદિ દુર્લભ હોય ત્યાં ઓછું પ્રાયશ્ચિત્ત આપવું.

ક્ષેત્ર– રૂક્ષ, સ્નિગ્ધ કે સાધારણ છે. તે જાણીને રૂક્ષમાં ઓછું, સાધારણમાં જે પ્રમાણે જીત વ્યવહારમાં કહ્યું તેમ અને સ્નિગ્ધમાં અધિક પ્રાયશ્ચિત્ત આપવું.

એ પ્રમાણે ત્રણે કાળમાં ત્રણ પ્રકારે પ્રાયશ્ચિત્ત આપવું.

ઉનાળો રૂક્ષકાળ છે, શિયાળો સાધારણ કાળ છે. ચોમાસું સ્નિગ્ધ કાળ છે. તેથી .

ઉનાળામાં ક્રમથી જઘન્ય એક ઉપવાસ, મધ્યમ છઙ્ઢ અને ઉત્કૃષ્ટ અઙ્ઢમ તપ પ્રાયશ્ચિત્ત આવે.

શિયાળામાં ક્રમથી જઘન્યથી છઙ્ઢ, મધ્યમથી અઙ્ઢમ અને ઉત્કૃષ્ટ ચાર ઉપવાસ પ્રાયશ્ચિત્ત આવે.

ચોમાસામાં ક્રમશઃ જઘન્યથી અઙ્ઢમ, મધ્યમથી ચાર ઉપવાસ અને ઉત્કૃષ્ટથી પાંચ ઉપવાસ પ્રાયશ્ચિત્ત આવે.

સૂત્ર વ્યવહારમાં ઉપદેશ અનુસાર આ પ્રમાણે નવ પ્રકારે વ્યવહાર કરવામાં આવે છે. તે જાણ.

[૬૮]. નિરોગી અને ગ્લાન એવા ભાવો જાણીને નિરોગીને કંઈક અધિક પ્રાયશ્ચિત્ત આપવું.

ગ્લાનને કંઈક ઓછું પ્રાયશ્ચિત્ત આપવું.

જેની જેટલી શક્તિ હોય, તેને તેટલું પ્રાયશ્ચિત્ત આપવું.

દ્રવ્ય, ક્ષેત્ર, ભાવની જેમ કાળને પણ લક્ષમાં લેવો.

[૬૯ થી ૭૨]. એ ચાર સૂત્રોથી સંયુક્ત અર્થ આ પ્રમાણે

પુરુષોમાં કોઈ ગીતાર્થ હોય, કોઈ અગીતાર્થ હોય.

કોઈ સહનશીલ હોય, કોઈ અસહનશીલ પણ હોય.

કોઈ ઋજુ હોય અને કોઈ માયાવી પણ હોય.

કેટલાક શ્રદ્ધા પરિણામી હોય, કેટલાક અપરિણામી હોય તો કેટલાક અપવાદને જ આચરનારા એવા અતિ પરિણામી હોય.

કેટલાક ધૃતિસંઘયણ અને ઉભયથી સંપન્ન હોય તો કેટલાક તેનાથી હીન પણ હોય.

કેટલાક તપ શક્તિવાળા હોય, કેટલાક વૈયાવચ્ચી હોય તો કેટલાક બંને શક્તિવાળા હોય.

કેટલાક વળી એક પણ શક્તિ વગરના હોય તો કેટલાક અન્ય પ્રકારના જ હોય.

આચેલકાદિ કલ્પસ્થિત, પરિણત, કૃતજોગી, કુશળ અથવા અકલ્પસ્થિત, અકૃતજોગી, અપરિણત, અકુશળ એ પ્રમાણે બંને પ્રકારના પુરુષો હોય છે.

એ જ પ્રમાણે કલ્પસ્થિત પણ ગચ્છવાસી અથવા જિનકલ્પી બંનેમાંથી કોઈ હોઈ શકે.

આ સર્વે પુરુષોમાં જેની જેટલી શક્તિ અને ગુણ વધારે હોય તેને અધિક પ્રાયશ્ચિત્ત દેવું. અને હીન સત્ત્વવાળાને હીનતર પ્રાયશ્ચિત્ત દેવું. સર્વથા હીનને પ્રાયશ્ચિત્ત ન દેવું તે જીત વ્યવહાર છે.

૭૩. આ જીત વ્યવહારમાં ઘણા પ્રકારના સાધુઓ છે.

જેમ કે, અકૃત્ય કરનાર, અગીતાર્થ, અજ્ઞાત.

આ કારણથી જીત વ્યવહારમાં નીવિથી અઠ્ઠમ પર્યન્તનો પ્રાયશ્ચિત્ત તપ જણાવવામાં આવેલ છે.

## હવે ગાથા ૭૪ થી ૭૯માં પડિસેવણા પ્રાયશ્ચિત્ત કહે છે

**પડિસેવણા પ્રાયશ્ચિત્ત–**

[૭૪]. હિંસા, દોડવું, કૂદવું આદિ ક્રિયા, પ્રમાદ કે કલ્પને સેવતા.

અથવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અનુસાર પ્રતિસેવન કરનારા પુરુષો હોય છે. એ પ્રમાણે પડિસેવણ અર્થાત્ નિષિધ વસ્તુને સેવન કરનારા કહ્યા..

[૭૫.] જે પ્રમાણે મેં જીત વ્યવહાર મુજબ પ્રાયશ્ચિત્ત દાન કહ્યું તે શું પ્રમાદ સહિત સેવનારાને

અર્થાત્ નિષિદ્ધને સેવનારાને પણ આપવું ?

આ પ્રાયશ્ચિત્તમાં પ્રમાદ સ્થાન સેવીને એક સ્થાનની વૃદ્ધિ કરવી. એટલે કે સામાન્યથી જે પ્રાયશ્ચિત્ત નીવિથી અઠ્ઠમ પર્યન્ત કહ્યું છે, તેને બદલે પ્રમાદથી સેવનારને પુરિમઢ્ઢથી ચાર ઉપવાસ પર્યન્ત ક્રમશઃ એકએક વધુ તપ. આપવો.

[૭૬]. હિંસા કરનારને એકાસણાથી પાંચ ઉપવાસ આપવા અથવા છ સ્થાન કે મૂલ પ્રાયશ્ચિત્ત આપવું.

કલ્પ પડિસેવી અર્થાત્ યતનાપૂર્વક સેવન કર્યું હોય તો પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત આપવું અથવા તદુભય એટલે કે આલોચના અને પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત આપવું.

[૭૭]. આલોચના કાળે પણ જો ગોપવે કે કપટ કરે તો

તે સંક્લિષ્ટ પરિણામીને ફરી અધિક પ્રાયશ્ચિત્ત આપવું.

જો સંવેગ પરિણામથી નિંદાગર્હાદિ કરે તો

તેને વિશુદ્ધ ભાવ જાણી ઓછું પ્રાયશ્ચિત્ત આપવું.

મધ્ય પરિણામીને તેટલું જ પ્રાયશ્ચિત્ત આપવું.

[૭૮]. એ પ્રમાણે વધારે ગુણવાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવવાળા જણાય તો ગુરુ સેવાર્થે વધારે પ્રાયશ્ચિત્ત આપવું.. જો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવહીન જણાય તો ઓછું પ્રાયશ્ચિત્ત આપવું અને અત્યંત અલ્પ જણાય તો પ્રાયશ્ચિત્ત ન આપવું.

[૭૯]. જીત વ્યવહાર કરતા અન્ય તપ સારી રીતે વહન કરનારને અન્ય પ્રાયશ્ચિત્ત આપી, જીત વ્યવહાર પ્રાયશ્ચિત્ત ન આપવું.

વૈયાવચ્ચકારી વૈયાવચ્ચ કરતો હોય ત્યારે તે સાધુને થોડું ઓછું પ્રાયશ્ચિત્ત આપવું.

**હવે ગાથા ૮૦ થી ૮૨માં છેદ પ્રાયશ્ચિત્ત કહે છે–**

**તપ પ્રાયશ્ચિત્ત**

[૮૦]. તપ ગર્વિત હોય કે તપમાં અસમર્થ,

તપની અશ્રદ્ધા કરતા કે તપથી પણ નિગ્રહ કરી શકતા,

અતિ પરિણામી અર્થાત્ અપવાદ સેવી, અલ્પસંગી,

ઉક્ત બધાને છેદ પ્રાયશ્ચિત્ત આપવું.

[૮૧, ૮૨]. વધારે પડતા ઉત્તરગુણ ભંજક હોય.

વારંવાર છેચાવત્તિ છેદ આવૃત્તિ કરે.

જે પાસત્થા, ઓસન્ત, કુશીલ આદિ હોય તો પણ

જેઓ વારંવાર સંવિગ્ન સાધુની વૈયાવચ્ચ કરે, ઉત્કૃષ્ટ તપભૂમિ અર્થાત્ વીરપ્રભુના શાસનમાં છ માસી તપ કરે,

જે અવશેષ ચારિત્રવાળા હોય તેમને પાંચ–દશ–પંદર વર્ષથી છ માસ પર્યન્ત અથવા જેટલા પર્યાયને ધારણ કરે તે રીતે છેદ પ્રાયશ્ચિત્ત આપવું.

**હવે ગાથા ૮૩ થી ૮૬માં મૂલ પ્રાયશ્ચિત્તને જણાવે છે**

**મૂલ પ્રાયશ્ચિત્ત**

[૮૩]. પ્રાણાતિપાત પંચેન્દ્રિયનો ઘાત,

અરૂચિ અથવા ગર્વથી મૈથુન સેવન,

ઉત્કૃષ્ટથી મૃષાવાદ, અદત્તાદાન કે પરિગ્રહ સેવન,

એકવાર કે વારંવાર કરનારને મૂલ પ્રાયશ્ચિત્ત.

[૮૪]. તપગર્વિષ્ઠ હોય, તપ સેવનમાં અસમર્થ હોય અથવા તપની અશ્રદ્ધા કરનારા એવા હોય

મુળગુણ અને ઉત્તરગુણમાં દોષ લગાડનારા કે મૂળગુણ અને ઉત્તરગુણના ભંજક હોય,

દર્શન અને ચારિત્રથી પતીત હોય કે, દર્શન આદિ કર્તવ્યને છોડનારો એવો હોય,

એવા શૈક્ષ આદિ સર્વેને મૂળ પ્રાયશ્ચિત્ત આવે.

[૮૫, ૮૬]. બે ગાથાનો સંયુક્ત અર્થ બતાવેલ છે

અત્યંત અવસન્ન, ગૃહસ્થ કે અન્યતીર્થિકના વેશને,

હિંસા આદિ કારણથી સેવતો

સ્ત્રી ગર્ભનું આદાન કે વિનાશ કરતો એવો સાધુ

તેને જે તપ કહેવાયેલું હોય તેવું કોઈ પણ પ્રાયશ્ચિત્ત જે તપ પ્રાયશ્ચિત્ત હોય, છેદ અથવા મૂલ પ્રાયશ્ચિત્ત હોય, અનવસ્થાપ્ય કે પારાંચિત પ્રાયશ્ચિત્ત હોય.

એમાંના કોઈપણ પ્રાયશ્ચિત્તને અતિક્રમે તો

તેનો પર્યાય છેદ, અનવસ્થાપ્ય કે પારાંચિત તપ પૂરું થતા તેને મૂળ પ્રાયશ્ચિત્ત સ્થાપવો.

મૂળની આપત્તિમાં વારંવાર મૂળ પ્રાયશ્ચિત્ત આવે.

## હવે ગાથા ૮૭ થી ૯૩માં અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત

**અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત**

[૮૭]. ઉત્કૃષ્ટથી વારંવાર દ્વેષવાળા ચિત્તે ચોરી કરનાર,

સ્વપક્ષને કે પરપક્ષને ઘોર પરિણામથી અને નિરપેક્ષપણે નિષ્કારણ પ્રહાર કરે તો,

તે બંનેને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત.

[૮૮]. સર્વે અપરાધો માટે જ્યાં જ્યાં ઘણુ કરીને પારંચિત નામક પ્રાયશ્ચિત્ત આવતું હોય ત્યાં–ત્યાં,

ઉપાધ્યાયને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત આપવું.

જ્યાં ઘણું કરીને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત આવતું હોય

ત્યાં પણ અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત આપવું

[૮૯]. અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત ચાર ભેદે કહેલું છે ૧. લિંગથી, ૨. ક્ષેત્રથી, ૩. કાળથી અને ૪. તપથી.

જે વ્રત અથવા લિંગ અર્થાત્ વેશમાં સ્થાપી ન શકાય અને પ્રવ્રજ્યા માટે અયોગ્ય લાગે તેને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત દેવું.

લિંગના બે ભેદ છે દ્રવ્યથી અને ભાવથી.

૧. દ્રવ્યલિંગ એટલે રજોહરણ.

૨. ભાવલિંગ એટલે મહાવ્રત.

[૯૦]. સ્વપક્ષ અને પરપક્ષના ઘાતમાં ઉદ્યત એવા,

દ્રવ્યલિંગીને અથવા ભાવલિંગીને અને

ઓસન્ન આદિ ભાવલિંગ રહિતને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત.

જે–જે ક્ષેત્રથી દોષમાં પડે તેને તેતે ક્ષેત્રમાં અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ.

[૯૧]. જે જેટલા કાળ માટે દોષમાં રહે, તેને તેટલા કાળ માટે અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત આપવું.

અનવસ્થાપ્યના બે ભેદ ૧. આશાતના, ૨. પડિસેવણા અર્થાત્ નિષિદ્ધ કાર્યનું કરવું તે.

તેમાં આશાતના અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત જઘન્યથી છ માસ અને ઉત્કૃષ્ટથી એક વર્ષ હોય.

પડિસેવણા અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત જઘન્યથી એક વર્ષ અને ઉત્કૃષ્ટથી બાર વર્ષ હોય.

[૯૨]. ઉત્સર્ગથી પડિસેવણા કારણે બાર વર્ષનું અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત આવે છે. પરંતુ
૧. અપવાદથી અલ્પ કે અલ્પતર પ્રાયશ્ચિત્ત આપવું.
૨. અથવા પ્રાયશ્ચિત્તને સર્વથા છોડી દેવું.

[૯૩]. તે અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત સેવી પોતે શૈક્ષને પણ વંદન કરે પરંતુ તેને કોઈ વંદન ન કરે.
તે પ્રાયશ્ચિત્ત સેવી પરિહાર તપને સારી રીતે સેવે.
તે પ્રાયશ્ચિત્ત સેવી સાથે સંવાસ થઈ શકે, પરંતુ તેની સાથે સંવાદ કે વંદનાદિ ક્રિયા થઈ શકે નહીં.

## પારંચિત પ્રાયશ્ચિત્ત

[૯૪]. તીર્થંકર પ્રવચન, શ્રુત, આચાર્ય, ગણધર, મહર્દ્ધિક એ સર્વની આશાતના ઘણા જ અભિનિવેશ કદાગ્રહ થી કરે તેને પારંચિત પ્રાયશ્ચિત્ત આવે.

[૯૫]. જે સ્વલિંગ એટલે કે વેશમાં રહેલો હોય તેવા કષાયદુષ્ટ અથવા વિષયદુષ્ટ
રાગને વશ થઈ વારંવાર પ્રગટપણે,
રાજાની અગ્રમહિષીને સેવે તેને પારંચિત પ્રાયશ્ચિત્ત.

[૯૬]. થિણદ્ધિ નિદ્રાના ઉદયથી મહાદોષવાળો,
અન્યોન્ય મૈથુન આસક્ત અને વારંવાર પારંચિત યોગ્ય પ્રાયશ્ચિત્તમાં પ્રવૃત્ત હોય એ ત્રણેને પારાંચિત પ્રાયશ્ચિત્ત આવે.

[૯૭]. તે પારંચિત ચાર પ્રકારે છે લિંગ, ક્ષેત્ર, કાળ અને તપથી તેમાં અન્યોન્ય પડિસેવી અને થિણદ્ધિ મહાદોષ વાળાને પારાંચિત પ્રાયશ્ચિત્ત આવે.

[૯૮, ૯૯]. અહીં બે ગાથાનો સંયુક્ત અર્થ કહેલ છે
ક્ષેત્રથી વસતી, નિવેશ, પાળો, વૃક્ષ, રાજ્ય આદિના પ્રવેશ સ્થાન તથા નાગર, દેશ અને રાજ્યને આશ્રીને, જે દોષ જેણે સેવેલ હોય, તેને તે દોષ માટે પારંચિક કરવો.

[૧૦૦]. જે જેટલા કાળ માટે જે દોષ સેવે,
તેને તેટલા કાળ માટે પારંચિત પ્રાયશ્ચિત્ત.
તે પારંચિત પ્રાયશ્ચિત્ત બે પ્રકારે આવે છે ૧. આશાતના નિમિત્તે, ૨. પડિસેવણા નિમિત્તે.

તેમાં આશાતના નિમિત્તનું પારંચિત પ્રાયશ્ચિત્ત છ માસથી લઈને એક વર્ષ પર્યન્ત હોય.
તેમાં પડિસેવણા નિમિત્તનું પારંચિત પ્રાયશ્ચિત્ત એક વર્ષથી લઈને બાર વર્ષ પર્યન્ત હોય.

[૧૦૧]. પારંચિત પ્રાયશ્ચિત્ત સેવી મહાસત્વીને
૧. એકલા જિનકલ્પીની માફક રાખવા.
૨. જેતે ક્ષેત્રથી અર્ધયોજન બહાર રાખવા.
૩. તેમને તપને વિશે સ્થાપન કરવા.
આચાર્ય પ્રતિદિન તે પ્રાયશ્ચિત્ત સેવીનું અવલોકન કરે.

[૧૦૨]. અનવસ્થાપ્ય તપ અને પારંચિત તપ,
ઉક્ત બંને પ્રાયશ્ચિત્ત છેલ્લા ચૌદ પૂર્વધર આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીથી વિચ્છેદ થયેલા છે. અથવા બાકીના બધા પ્રાયશ્ચિત્ત શાસન છે, ત્યાં સુધી વર્તશે.

[૧૦૩]. આ પ્રમાણે આ જીતકલ્પ અર્થાત્,
જીત વ્યવહાર સંક્ષેપથી તેમજ
સુવિહિત સાધુની અનુકંપા બુદ્ધિથી કહ્યો.
સૂત્રમાં કહ્યા પ્રમાણે જ સારી રીતે ગુણોને જાણીને, આ જીત કલ્પાનુસાર પ્રાયશ્ચિત્ દાન કરવું જોઈએ.

**નોંધ–** અહીં માત્ર મૂળ ગાથાનો અને કિંચિત્ ચૂર્ણિના આશ્રય સહિતનો અનુવાદ અમોએ કરેલ છે.. પરંતુ જિજ્ઞાસુઓએ આ સૂત્રની ચૂર્ણિ તથા ભાષ્યને અવશ્ય જોઈને આ ગહન પ્રાયશ્ચિત્ત સૂત્ર સમજવું.

ચૂર્ણિ અને ભાષ્ય બંને મુદ્રિત થયેલા જ છે.

## જીતકલ્પ છેદસૂત્ર–૫, આગમ–૩૮નો
## મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणिमूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणिमूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणिमंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्रगुजराती अनुवादमूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्रहिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्रइंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्रगुजराती अनुवादसटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्रहिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [३] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्रसटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहाकोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रममूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रमसटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्रगाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

દીપરત્નસાગરજીના પ્રકાશનો4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય online પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ: 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ: jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક: મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવેટચ
Post: ઠેબા, Dis:જામનગર, ગુજરાત, India. [Pin 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ– ૩૮

# જીતકલ્પ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


'વેબ સાઈટ:– 1. www.jainelibrary.org 2. deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397